અનુસંધાન ... પાના પહેલાનું

### વિદ્યાર્થીઓ સામેના કેસ...

અને બાકીની બાબતો માટે સમયબદ્ધ ખાતરી આપ્યા બાદ જ સદ્ભાવનાથી આંદોલન સમાપ્ત કરવામાં આવ્યું હતું.

વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે પણ પત્રકાર પરિષદમાં જણાવ્યું કે વિદ્યાર્થીઓએ સ્વયંસ્ફુર્ત રીતે આંદોલનમાં ભાગ લીધો હતો અને તેમની સામે કોઈ કાર્યવાહી થવી જોઈએ નહીં. રંકાના જણાવ્યા અનુસાર, સરકાર વ્યક્તિગત સ્તરે કાર્યકરોને નિશાન ન બનાવે તે માટે આંદોલન સમાપ્ત કરતા પહેલાં અને પછી કપિલ સિબલ સાથે કાનૂની ચર્ચા કરવામાં આવી હતી. કપિલ સિબલે કાનૂની સહાયતા માટે રૂ. 1 કરોડનું આર્થિક યોગદાન આપવાની જાહેરાત કરી છે. તેમણે દેશભરના વકીલોને મફતમાં વિદ્યાર્થીઓના કેસ લડવા અને આ ફંડમાં યોગદાન આપવા અપીલ કરી છે.

સીજેપીના મુખ્ય પ્રવક્તા સૌરવ દાસે જણાવ્યું કે વિદ્યાર્થીઓને વકીલો સાથે જોડવા માટે દેશવ્યાપી પોર્ટલ અને પોલીસ અત્યાચારના વીડિયો, ફોટોગ્રાફ્સ તથા પુરાવા એકત્રિત કરવા માટે 'સાક્ષી' નામનું પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે.

### પેપર લીક વિરોધી...

ફાસ્ટ-ટ્રેક કોર્ટની રચના કરવાની સત્તા મળશે. ચાર્જશીટ દાખલ થયાના ત્રણ મહિનામાં કેસનો ટ્રાયલ પૂર્ણ કરવાનો પ્રયાસ કરવામાં આવશે. ઉપરાંત, જરૂરી જણાય ત્યારે કેન્દ્ર સરકાર પેપર લીકની તપાસ માટે વિશેષ ટાસ્ક ફોર્સની રચના પણ કરી શકશે.

બિલમાં પ્રશ્નપત્ર લીક કરવું, OMR શીટમાં ચેડાં કરવાં, નકલી વેબસાઇટ બનાવવી, ખોટા એડમિટ કાર્ડ જારી કરવા સહિત કુલ 15 પ્રકારના ગુનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. પરીક્ષા પૂર્વે કેન્દ્રોની તૈયારીનું ઓડિટ, બાયોમેટ્રિક નોંધણી, સુરક્ષા વ્યવસ્થા, પ્રશ્નપત્રની સુરક્ષા અને પરીક્ષા પછીની પ્રક્રિયા માટે પણ સ્પષ્ટ માર્ગદર્શિકા બનાવવાની જોગવાઈ કરવામાં આવી છે. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ કહ્યું કે પરીક્ષા વ્યવસ્થાને વધુ વિશ્વસનીય અને પારદર્શક બનાવવા આ બિલ મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

### ચીને ભારત સરહદ...

છે. ઉપરાંત 260થી વધુ સુખોઈ-30MKI, મિરાજ-2000 અને મિગ-29 જેવા વિમાનો સેવા આપી રહ્યા છે. નૌકાદળ માટે 26 રાફેલનો ઓર્ડર આપવામાં આવ્યો છે, જ્યારે વાયુસેના માટે વધુ 114 રાફેલ ખરીદવા અંગે દસોલ્ટ સાથે વાટાઘાટો ચાલી રહી છે. નિવૃત્ત એર માર્શલ નર્મદેશ્વર તિવારીએ જણાવ્યું કે ચીન દર વર્ષે 125 જેટલા J-20નું ઉત્પાદન કરી રહ્યું છે, જે તેની મજબૂત ઉત્પાદન ક્ષમતા, સુસંગત સપ્લાય ચેઈન અને લાંબા ગાળાની વ્યૂહાત્મક યોજના દર્શાવે છે. તેમણે કહ્યું કે પ્રથમ ગલ્ફ યુદ્ધ બાદ ચીને વાયુશક્તિના મહત્વને સમજી રાષ્ટ્રીય મિશન તરીકે આ ક્ષમતા વિકસાવી છે.

### વિરોધ પ્રદર્શન...

પર પ્રતિબંધ સામેલ છે. દિલ્હીમાં 20 જુલાઈના રોજ કોકરોચ જનતા પાર્ટી (CJP) ના નેતૃત્વમાં સંસદ માર્ચ દરમિયાન સુરક્ષા દળો અને પ્રદર્શનકારીઓ વચ્ચે હિંસક ઝડપ થઈ હતી, જેમાં ભીડને વિખેરવા પોલીસે લાઠીચાર્જ અને ટિયર ગેસના શેલ છોડ્યા હતા. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા અને અન્ય માગણીઓ સરકારે સ્વીકારી લેતાં CJPએ શનિવારે પોતાનું 36 દિવસનું આંદોલન સમેટવાની જાહેરાત કરી હતી. આ અગાઉ દિલ્હી હાઈકોર્ટે પણ પોલીસ કાર્યવાહી મામલે કેન્દ્ર અને દિલ્હી પોલીસ પાસે જવાબ માગ્યો હતો અને ઘટનાના તમામ સીસીટીવી ફૂટેજ જાળવી રાખવા આદેશ આપ્યો હતો.

### વિદ્યાર્થીઓ પર...

સ્પીકર ઓમ બિરલાએ ગૃહને સાંજે 5:00 વાગ્યા સુધી મોકુફ રાખ્યું હતું અને વિપક્ષ તથા સરકાર વચ્ચેના મતભેદો ઉકેલવા માટે 3 કલાકનો સમય આપ્યો હતો.

લોકસભામાં સાંજે 5 વાગ્યે ગૃહ ફરી મળ્યું ત્યારે પેપર લીક સામે 10 વર્ષ સુધીની જેલ અને 10 કરોડ સુધીના દંડની જોગવાઈ ધરાવતું 'જાહેર પરીક્ષા સુધારા બિલ, 2026' રજૂ કરવામાં આવ્યું હતું. સ્પીકર ઓમ બિરલાએ વિપક્ષને ચર્ચામાં ભાગ લેવા વિનંતી કરી હતી અને 6 કલાકનો સમય પણ ફાળવ્યો હતો. સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજિજૂએ આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસ અને તેના સાથી પક્ષો ચર્ચા થવા દેતા નથી. જોકે, દિલ્હીના જંતર-મંતર પર વિદ્યાર્થીઓ પર થયેલા પોલીસ બળપ્રયોગ મામલે વિપક્ષના કડક વલણ અને સૂત્રોચ્ચારને કારણે સ્પીકરે લોકસભા દિવસભર માટે સ્થગિત કરી દીધી હતી.

બીજી બાજુ રાજ્યસભામાં દિવસ દરમિયાન ચાર વખત સ્થગિત થયા બાદ સાંજે 5:15 વાગ્યે ગૃહની કાર્યવાહી ફરી શરૂ થઈ હતી. વિપક્ષી નેતા મલ્લિકાર્જુન ખડગે અને અન્ય વિપક્ષી સાંસદોએ વિદ્યાર્થીઓ પરના પોલીસ અત્યાચાર મુદ્દે ગૃહમંત્રી અમિત શાહ ગૃહમાં આવીને નિવેદન આપે તેવી માગ કરી હતી. કિરણ રિજિજૂએ ગૃહમાં અપીલ કરી હતી કે દેશના કરોડો યુવાનો આ બિલ પર ચર્ચાની રાહ જોઈ રહ્યા છે અને વિપક્ષે તેમાં સહયોગ આપવો જોઈએ. ખડગેએ વળતો પ્રહાર કરતાં કહ્યું કે તેઓ ચર્ચાથી ભાગતા નથી, પરંતુ તે પહેલાં ગૃહમંત્રીનું નિવેદન જરૂરી છે. ઉપસભાપતિ હરિવંશ નારાયણ સિંહે વિપક્ષને શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ હંગામો શમ્યો ન હતો, જેથી રાજ્યસભાની કાર્યવાહી પણ મંગળવાર સવારે 11 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી.

### દેશમાં ટૂંક...

એ તેના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ભલામણ પર, રિઝર્વ બેંક એક્ટ, 1934 ની કલમ 25 હેઠળ સરકારને 10 અને 20 ના મૂલ્યમાં એક અબજ (100 કરોડ) પોલિમર નોટોના ફિલ્ડ ટ્રાયલને મંજૂરી આપી છે. વધુમાં, ટ્રાયલ સફળ થયા પછી નિયમિત ધોરણે પોલિમર નોટો જારી કરવાનો પ્રસ્તાવ મોકલવામાં આવ્યો હતો. સરકારે આ પ્રસ્તાવને મંજૂરી આપી છે.

જોકે, પોલિમર નોટ્સના ટ્રાયલની તારીખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. પોલિમર બૅંકનોટના સફળ પરીક્ષણો પછી, આરબીઆઈ નિયમિત ધોરણે 10 અને 20 બંને મૂલ્યની નોટો જારી કરશે. જોકે, હાલની કાગળની ચલણી નોટો પણ ચલણમાં ચાલુ રહેશે. તેને બંધ કરવામાં આવશે નહીં. દસ દિવસ પહેલા, મીડિયા અહેવાલોમાં જણાવવામાં આવ્યું હતું કે આરબીઆઈ ટૂંક સમયમાં પોલિમર બેંકનોટ માટે દેશનો પ્રથમ પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરશે.

દેશમાં નવી પેઢીની ચલણ રજૂ કરવાની RBIની યોજનામાં આ આગળનું પગલું છે.આ હાલમાં એક ટ્રાયલ અથવા પાયલોટ પ્રોજેક્ટ છે. આરબીઆઈના નોટ-પ્રિન્ટિંગ યુનિટે પોલિમર સબસ્ટ્રેટ શીટ્સના સપ્લાય માટે વૈશ્વિક ટેન્ડર બહાર પાડ્યું છે, જેમાં બિડ સબમિટ કરવાની અંતિમ તારીખ 18 ઓગસ્ટ નક્કી કરવામાં આવી છે.

ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા પછી, કાચો માલ મેળવવામાં આવે અને છાપકામ પૂર્ણ થયા પછી જ આ નોટો તબક્કાવાર બજારમાં રજૂ કરવામાં આવશે. જો આ ટ્રાયલ સફળ થશે, તો ભવિષ્યમાં પોલિમરમાં વધુ નોટો છાપવામાં આવશે. હાલમાં વિશ્વમાં ઓસ્ટ્રેલિયા, કેનેડા, યુનાઈટેડ કિંગડમ (યુકે) અને ન્યુઝીલેન્ડ સહિત વિશ્વભરના 60 થી વધુ દેશોમાં પોલિમર બેંકનોટ ચલણમાં લાવવામાં આવી છે.

### દિલ્હી ડાયરી...

ખાસ કરીને જેઓએ વિધાન સભાની છેલ્લી ચૂંટણીઓમાં ભાજપ અને કોંગ્રેસ સામે ઝેડપીએમને ટેકો આપ્યો હતો, તેમનામાં ભારે નારાજગી પેદા કરી છે. જ્યારે મુખ્યમંત્રી લાલદુહોમાએ આ અચાનક થયેલા ઘટનાક્રમ પર મૌન ધારણ કરી રાખ્યું છે, જ્યારે કે પોતાની પાર્ટી સત્તામાં આવ્યા પછી જ તેઓ છાતી ઠોકીને કહેતા હતા કે, ભાજપ સાથે કોઈ ગઠબંધન નહીં કરશે.

## સુરત મહાનગરપાલિકા
## નોર્થઝોન (કતારગામ)
## જાહેર નોટીસ

FIT INDIA

આથી જાહેર નોટીસ આપી જણાવવાનું કે, કતારગામ ઝોન આકારણી દફતરે મોજે કોસાડના સર્વે નંબર ૨૯૪, બ્લોક નં.૪૮૭ વાળી જમીનમાં ટેનામેન્ટ નંબર ૬૩એ-૭૫-૦૦૦૧-૦-૦૦૧ થી ૬૩એ-૭૫-૩૫૨૧-૦-૦૦૧ એમ કુલ-૩૫૫ વેરાબીલો ચાલી આવેલ છે. જે વેરાબીલો રદ કરવા જમીન માલિક દ્વારા અત્રેની કચેરીમાં અરજી કરેલ છે. જે પૈકી નીચે મુજબના ૯૮ પ્લોટ ધારકો/કબ્જેદારોના નામ આકારણી દફતરે ચાલતા હોય, અને તેઓને પત્રની બજવણી સરનામાંના અભાવે થઈ શકે તેમ ન હોય, તેવા સંજોગોમાં જમીન માલિકની વેરાબીલ રદ કરવા બાબતેની અરજી અનુસંધાને નીચે મુજબના કબ્જેદારો રજુઆત કરવા માંગતા હોય તો દિન-૭માં જરુરી આધાર પુરાવાઓ સહિત આકારણી અને વસુલાત વિભાગ, નોર્થઝોન ખાતે કરવાની રહેશે. નિયત સમય મર્યાદામાં કોઈ રજુઆત નહી મળ્યેથી લાગત કબ્જેદાર કોઈ રજુઆત કરવા માંગતા નથી એમ માની વેરાબીલો રદ કરવાની ઘટીત કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

| No. | Ten. No | Plot No | Occupier Name |
|---|---|---|---|
| 1 | 63A-75-91-0-1 | 10 | POSS= HITESH AMRUTLAL & PINKI HITESH PRAJAPATI |
| 2 | 63A-75-171-0-1 | 18 | POSS:-SANJAYBHAI MADHAVJIBHAI KAKDIYA |
| 3 | 63A-75-201-0-1 | 21 | POSS= SHARDABEN JAYANTIBHAI VARIYA |
| 4 | 63A-75-231-0-1 | 24 | POSS= AMRUTLAL ISHWARLAL PATEL |
| 5 | 63A-75-241-0-1 | 25 | POSS= AMRUTLAL ISHWARLAL PATEL |
| 6 | 63A-75-251-0-1 | 26 | POSS:-LALLANBHAI LALTABHAI PATEL |
| 7 | 63A-75-281-0-1 | 29 | POSS= VIJAYKUMAR VINODRAI DAVE |
| 8 | 63A-75-311-0-1 | 32 | POSS:-RAMESHBHAI VASHRAMBHAI KHADSALIYA. |
| 9 | 63A-75-361-0-1 | 37 | POSS - JAYANTIBHAI BHANABHAI KANTHARIA |
| 10 | 63A-75-371-0-1 | 38 | POSS - KANTIBHAI BECHARBHAI KANTHARIA |
| 11 | 63A-75-381-0-1 | 39 | POSS= GHANSHYAMBHAI AMBABHAI PATEL |
| 12 | 63A-75-391-0-1 | 40 | POSS= MANUBEN POPATBHAI |
| 13 | 63A-75-441-0-1 | 81 | POSS= NANKURAM VASUDEVRAM JAYSWAL |
| 14 | 63A-75-521-0-1 | 52 | POSS= JINAL VISHNUBHAI PATEL |
| 15 | 63A-75-531-0-1 | 53 | POSS= JINABHAI MADHUBHAI PANSURIYA |
| 16 | 63A-75-541-0-1 | 54 | POSS= SANTOSH PRABHUNATH YADAV |
| 17 | 63A-75-551-0-1 | 55 | POSS - SANTOSH PRABHUNATH YADAV |
| 18 | 63A-75-571-0-1 | 57 | POSS= TIRATH RAMNATH YADAV |
| 19 | 63A-75-581-0-1 | 58 | POSS= BHIMJIBHAI BHANJIBHAI PATEL |
| 20 | 63A-75-591-0-1 | 59 | POSS - BHIMJIBHAI BHANJIBHAI PATEL |
| 21 | 63A-75-601-0-1 | 60 | POSS= SANJAYBHAI NANALAL SHAH |
| 22 | 63A-75-631-0-1 | 63 | POSS= NAVINBHAI VIRJIBHAI PRAJAPATI |
| 23 | 63A-75-691-0-1 | 68 | POSS= SHAMBHUBHAI NANJIBHAI GOHIL & BAKULBHAI VASHRAMBHAI DABHI |
| 24 | 63A-75-701-0-1 | 69 | POSS= ASHOK KRUSHNAKANTBHAI JARIWALA |
| 25 | 63A-75-731-0-1 | 72 | HAWALDAR RAJBALI PATEL & CHANDRABALI MUNAR PATEL |
| 26 | 63A-75-741-0-1 | 73 | POSS= NARANBHAI KARSHANBHAI TAVETHIYA |
| 27 | 63A-75-751-0-1 | 74 | POSS= HARESHBHAI DEVRAJBHAI TAVETHIYA |
| 28 | 63A-75-761-0-1 | 75 | POSS:-MIRABEN KANTIBHAI SONAWALA |
| 29 | 63A-75-771-0-1 | 76 | POSS= JAYAMINIBEN ISHWARBHAI GAJJAR & ISHWARBHAI BHIKHABHAI GAJJAR |
| 30 | 63A-75-781-0-1 | 77 | POSS= PARESHBHAI BABUBHAI LATHIYA |
| 31 | 63A-75-861-0-1 | 86 | POSS= KANJIBHAI HIRABHAI PATEL |
| 32 | 63A-75-901-0-1 | 90 | POSS= JAYAMINI BEN ISHWARBHAI & ISHWARBHAI BHIKHABHAI GAJJAR |
| 33 | 63A-75-931-0-1 | 93 | POSS= DEVRAJBHAI KALYANBHAI KATARIYA |
| 34 | 63A-75-951-0-1 | 95 | POSS= HIMMATBHAI RAMJIBHAI JODHANI |
| 35 | 63A-75-961-0-1 | 96 | POSS= PRAGJIBHAI LAXMANBHAI MALAVIYA |
| 36 | 63A-75-971-0-1 | 97 | POSS:RAMJIBHAI POPATBHAI BHATIA |
| 37 | 63A-75-981-0-1 | 98 | POSS: PRAGJIBHAI LAXMANBHAI MALVIA |
| 38 | 63A-75-1151-0-1 | 115 | POSS= SHANTABEN DAJIBHAI PARMAR |
| 39 | 63A-75-1211-0-1 | 120 | POSS:SANGEETA KAMLESH PARMAR |
| 40 | 63A-75-1231-0-1 | 122 | POSS= HITESHBHAI PARSOTTAMBHAI PATEL |
| 41 | 63A-75-1241-0-1 | 123 | POSS= HITESHBHAI PARSOTTAMBHAI PATEL |
| 42 | 63A-75-1291-0-1 | 128 | POSS= MUKESHBHAI AMBALAL RAJPUT |
| 43 | 63A-75-1301-0-1 | 129 | POSS-MUKESHBHAI AMBALAL RAJPUT |
| 44 | 63A-75-1321-0-1 | 131 | POSS MAMTABEN RAMESHBHAI THUMMAR |
| 45 | 63A-75-1325-0-1 | 132 | POSS-MAMTABEN RAMESHBHAI THUMMAR |
| 46 | 63A-75-1331-0-1 | 133 | POSS= SUNILKUMAR RAMBADAN MISHRA |
| 47 | 63A-75-1341-0-1 | 134 | POSS= SANJAYBHAI MADHAVJIBHAI KAKADIYA |
| 48 | 63A-75-1451-0-1 | 145 | POSS= HARIHAR JOGINDRA BEHARA |
| 49 | 63A-75-1461-0-1 | 146 | POSS-RASHESHBHAI BABUBHAI SUDAMADIYA & VIRABHAI PACHABHAI TADHA |
| 50 | 63A-75-1471-0-1 | 147 | POSS= USHADEVI SURYABALI BIND |
| 51 | 63A-75-1521-0-1 | 152 | POSS= ATULKUMAR ISHWARLAL PATEL |
| 52 | 63A-75-1541-0-1 | 154 | POSS= NAINESHKUMAR CHETANKUMAR PATEL |
| 53 | 63A-75-1551-0-1 | 155 | POSS= MAHENDRABHAI BECHARBHAI PRAJAPATI |
| 54 | 63A-75-1561-0-1 | 156 | POSS:-SURENDRA R. NAHAK & KAMESHWAR K. SHAH |
| 55 | 63A-75-1581-0-1 | 158 | POSS= VARSHABEN HARISHBHAI PRAJAPATI & HARISHBHAI NATWARBHAI PRAJAPATI |
| 56 | 63A-75-1601-0-1 | 160 | POSS - ANILKUMAR GORDHANBHAI SHIVANI |
| 57 | 63A-75-1611-0-1 | 161 | POSS= VIDHIBEN ANILKUMAR SHIVANI |
| 58 | 63A-75-1621-0-1 | 162 | POSS:RAMJIYAVAN BRAHMADIN PASI |
| 59 | 63A-75-1641-0-1 | 164 | POSS= DILIPBHAI NATWARBHAI PATEL |
| 60 | 63A-75-1651-0-1 | 165 | POSS:-JAYANTILAL RAMNIKLAL DAVE |
| 61 | 63A-75-1661-0-1 | 166 | POSS:-JAYANTILAL RAMNIKLAL DAVE |
| 62 | 63A-75-1671-0-1 | 167 | POSS= SHANTABEN DAJIBHAI PARMAR |
| 63 | 63A-75-1691-0-1 | 169 | POSS= MALTIBEN RAMASHARE |
| 64 | 63A-75-1851-0-1 | 185 | POSS= CHETANKUMAR NATWARLAL PATEL |
| 65 | 63A-75-1861-0-1 | 186 | POSS= VASHRAMBHAI KARSHANBHAI KARMATIYA |
| 66 | 63A-75-1891-0-1 | 189 | POSS= HARESHBHAI BHIKHABHAI THUMMAR |
| 67 | 63A-75-1901-0-1 | 190 | POSS= KANJIBHAI HIRABHAI PATEL |
| 68 | 63A-75-1911-0-1 | 191 | POSS= KANJIBHAI HIRABHAI PATEL |
| 69 | 63A-75-1971-0-1 | 197 | POSS= RAMJIBHAI POPATBHAI BHATIYA |
| 70 | 63A-75-2041-0-1 | 204 | POSS= DHARMENDRA RAMANLAL MISTRI |
| 71 | 63A-75-2051-0-1 | 205 | POSS= DHARMENDRA RAMANLAL MISTRI |
| 72 | 63A-75-2101-0-1 | 210 | POSS= HITESHBHAI PARSOTTAMBHAI PATEL |
| 73 | 63A-75-2111-0-1 | 211 | POSS= HITESHBHAI PARSHOTTAMBHAI PATEL |
| 74 | 63A-75-21[illegible]1-0-1 | 212 | POSS= ASHOKKUMAR JILAJIT PATEL |
| 75 | 63A-75-2171-0-1 | 217 | HOLDER= MAHENDRABHAI BECHARBHAI PRAJAPATI |
| 76 | 63A-75-2191-0-1 | 219 | POSS= HIRABHAI PARSHOTTAMBHAI GHASADIYA |
| 77 | 63A-75-2231-0-1 | 223 | POSS= DHARMENDRA RAMANLAL MISTRI & KAILAS DHARMENDRA MISTRI |
| 78 | 63A-75-2261-0-1 | 226 | POSS - SAVITABEN VALLABHBHAI PATEL |
| 79 | 63A-75-2271-0-1 | 227 | POSS - SAVITABEN VALLABHBHAI PATEL |
| 80 | 63A-75-2281-0-1 | 228 | CHAMPABEN KHODABHAI PATEL |
| 81 | 63A-75-2291-0-1 | 229 | POSS= CHAMPABEN KHODABHAI PATEL |
| 82 | 63A-75-2341-0-1 | 234 | POSS= GHANSHYAMBHAI AMBABHAI PATEL |
| 83 | 63A-75-2351-0-1 | 235 | POSS= GHANSHYAMBHAI AMBABHAI PATEL |
| 84 | 63A-75-2411-0-1 | 241 | POSS= HEMAL BHARATBHAI JARIWALA |
| 85 | 63A-75-2481-0-1 | 248 | POSS= VALLABHBHAI RAJABHAI PAVSIYA |
| 86 | 63A-75-2531-0-1 | 253 | POSS= HARESHBHAI BHIKHABHAI THUMMAR |
| 87 | 63A-75-2541-0-1 | 24/B | POSS:-HANSABEN KANJIBHAI PIPALIYA |
| 88 | 63A-75-2571-0-1 | 257 | POSS= VARSHABEN HARISHBHAI PRAJAPATI & HARISHBHAI NATWARLAL PRAJAPATI |
| 89 | 63A-75-2581-0-1 | 258 | POSS= VARSHABEN HARISHBHAI PRAJAPATI & HARISHBHAI NATWARLAL PRAJAPATI |
| 90 | 63A-75-2591-0-1 | 259 | POSS= HARIVADANBHAI NATWARLAL PATEL |
| 91 | 63A-75-2681-0-1 | 268 | POSS - KUSHALBHAI CHHANABHAI SAVAJ |
| 92 | 63A-75-2711-0-1 | 271 | POSS= CHETANKUMAR NATWARLAL PATEL |
| 93 | 63A-75-2731-0-1 | 273 | POSS= HITESHBHAI PARSOTTAMBHAI PATEL |
| 94 | 63A-75-2741-0-1 | 274 | POSS= MUKESHBHAI DHIRUBHAI BAVISHIYA |
| 95 | 63A-75-2751-0-1 | 275 | POSS= MUKESHBHAI DHIRUBHAI BAVISHIYA |
| 96 | 63A-75-2921-0-1 | 292 | POSS= MAHENDRABHAI BECHARBHAI PRAJAPATI |
| 97 | 63A-75-2971-0-1 | 297 | POSS= KHODABHAI VITTHALBHAI NAKRANI |
| 98 | 63A-75-2981-0-1 | 298 | POSS= KHODABHAI VITTHALBHAI NAKRANI |

નં.પી.આર.ઓ./૧૪૫/૨૦૨૫-૨૬
તારીખ:- ૨૭/૦૭/૨૦૨૬

ડે. કમિશનરશ્રી
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

## પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન
### ઈલેક્ટ્રિકલ કામ
**ટેન્ડર આમંત્રિત કરતી નોટીસ**
**EL/50/1/21(26-27) Dt.24/07/2026**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રીકલ), પશ્ચિમ રેલવે, વડોદરા ડિવિઝન નીચે જણાવેલા કામ માટે અનુભવી અને વિશ્વસનીય કોન્ટ્રાક્ટરો પાસે થી ભારતીય રેલવેની વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **અનું.નં.૧: ટેન્ડર નં. BRC-EL-P-16-2479-2521-23. કામનું નામ:** વડોદરા સ્ટેશન :- નવી માર્ગદર્શિકાઓ મુજબ 'દિવ્યાંગજન' સુવિધાઓમાં ઘટાડાની ભરપાઈ અને અમદાવાદ તથા સુરત છેડે ફુટ ઓવર બ્રિજીસની જોગવાઈના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ. **અંદાજીત પડતર (રૂા.):** ₹ ૧,૮૭,૪૦,૪૦૪.૦૦ **ઈએમડી (રૂા.):** ₹ ૩,૭૪,૮૦૦.૦૦ **ટેન્ડર ફી (રૂા.):** શૂન્ય, **ઈ-ટેન્ડર બંધ કરવાની તારીખ:** ૨૦-૦૮-૨૦૨૬ **વેબસાઈટ વિગત:** www.ireps.gov.in **ઓફિસનું સરનામું:** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર (પાવર) વડોદરા, પશ્ચિમ રેલવે, વડોદરા-૩૯૦૦૦૪.

BRC-175

અમને ફોલો કરો: X DRMBRCWR ● drm_vadodara

ફકત રૂા. ૮૦/- થી શરૂ
ફુલ એકશન, જોરદાર એકશન


જ ન ને તા
થલાપતિ વિજય, બોબી દેઓલ, પૂજા હેંગડે, પ્રકાશ રાજ
૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, રાત્રે : ૯.૪૫
કોમેડીનું હુલ્લડ


ધ મા લ -4
અજય દેવગન, રિતેશ દેશમુખ, સંજય મિશ્રા
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે : ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJHANS
ગોપીતળાવ
નવસારી બજાર, સુરત


ધમાલ - 4
૧૨.૧૫, ૩.૦૦, ૬.૦૦, ૭.૩૦
રાત્રે : ૯.૦૦, ૧૦.૦૦
જન નેતા
૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦,
રાત્રે : ૧૦.૧૫

## જેટકો, વર્તુળ કચેરી, નવસારી

GETCO

**એપ્રેન્ટિસ લાઈનમેન ભરતી જોગ**

ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ (GETCO), ટ્રાન્સમિશન વર્તુળ કચેરી, નવસારી ખાતે એપ્રેન્ટિસ લાઈનમેનની ભરતી માટે પોલ ક્લાઈમ્બિંગ ટેસ્ટ તા. ૨૭.૦૭.૨૦૨૬ થી ૨૯.૦૭.૨૦૨૬ દરમિયાન યોજવામાં આવેલ છે.

તાજેતરમાં સર્જાયેલી પૂર/જળભરાવ જેવી પરિસ્થિતિને ધ્યાને લઈ, ઉમેદવારોના હિતમાં તા. ૩૦.૦૭.૨૦૨૬ ના રોજ પોલ ક્લાઈમ્બિંગ ટેસ્ટ માટે વધારાનો એક દિવસ અનામત રાખવામાં આવેલ છે.

જે ઉમેદવારોને પોલ ક્લાઈમ્બિંગ ટેસ્ટ માટે કોલ લેટર આપવામાં આવેલ હોય પરંતુ તેઓ નિયત તારીખે કોઈપણ કારણસર હાજર રહી શક્યા ન હોય, તેઓ તા. ૩૦.૦૭.૨૦૨૬ સુધી પોલ ક્લાઈમ્બિંગ ટેસ્ટમાં હાજર રહી શકશે.

જે ઉમેદવારોને કોઈપણ કારણસર કોલ લેટર પ્રાપ્ત થયેલ ન હોય, તેઓ ટ્રાન્સમિશન વર્તુળ કચેરી, નવસારી ખાતે પોતાની વિગતો/નામની ચકાસણી કરી પોલ ક્લાઈમ્બિંગ ટેસ્ટમાં હાજર રહી શકશે.

પોલ ક્લાઈમ્બિંગ ટેસ્ટનો સમય દરરોજ સવારે ૦૯.૩૦ કલાકથી સાંજે ૦૫.૦૦ કલાક સુધી રહેશે.

ઉમેદવારોએ પરીક્ષા સમયે નીચે મુજબના દસ્તાવેજો સાથે ફરજિયાત હાજર રહેવાનું રહેશે:

- તાજેતરના ૨ પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ.
- તમામ જરૂરી દસ્તાવેજોની મૂળ નકલ તથા સ્વ-પ્રમાણિત (Self Attested) નકલો, જેમાં:
  - શાળા છોડયાનું પ્રમાણપત્ર (School Leaving Certificate)
  - ધોરણ-૧૦ (એસ.એસ.સી.) ની માર્કશીટ
  - આઈટીઆઈ (ઇલેક્ટ્રિશિયન/વાયરમેન) ની તમામ સેમેસ્ટર ની માર્કશીટ
  - NCVT/GCVT પ્રમાણપત્ર
  - આધાર કાર્ડ અથવા અન્ય ફોટાવાળું ઓળખપત્ર
  - એસસી/એસટી/એસઈબીસી જાતિનો દાખલો (Caste Certificate) (લાગુ પડતું હોય તો)
  - એસઈબીસી (SEBC) માટે તાજેતરનું નોન-ક્રિમીલેયર પ્રમાણપત્ર (પરિશિષ્ટ-૪), જ્યાં લાગુ પડતું હોય
  - EWS વર્ગના ઉમેદવારો માટે EWS પ્રમાણપત્ર (લાગુ પડતું હોય તો)
  - અન્ય જરૂરી પ્રમાણપત્ર, જો લાગુ પડતા હોય તો

વધુ માહિતી માટે ઉમેદવારો ટ્રાન્સમિશન વર્તુળ કચેરી, નવસારીનો સંપર્ક કરી શકે છે.

અધિક્ષક ઈજનેર
નવસારી
ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ (GETCO)

# કોઈની સામે ન ઝૂકનારા નરેન્દ્ર મોદીને જેનઝીના આંદોલને ઝૂકવાની ફરજ પાડી



વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમના જિદ્દી અને મક્કમ સ્વભાવ માટે જાણીતા છે. ગુજરાતનાં મુસ્લિમ-વિરોધી રમખાણો હોય કે દિલ્હીમાં ચાલેલું સુદીર્ઘ કિસાન આંદોલન હોય, તેઓ પોતાના રાજકીય વિરોધીઓ સામે ક્યારેય ઝૂક્યા નથી. જંતર-મંતર પર જ્યારે વિદ્યાર્થીઓનું આંદોલન શરૂ થયું ત્યારે શરૂઆતમાં મોદીએ તેની ઉપેક્ષા જ કરી હતી. તેમને લાગતું હતું કે સોનમ વાંગચુક પોતાના અનશન પૂર્ણ કરશે, ત્યારબાદ વિદ્યાર્થીઓ કંટાળીને પોતાનું આંદોલન સમેટી લેશે. પરંતુ સોનમ વાંગચુકના પારણા પછી આંદોલન વધુ ઉગ્ર બન્યું, જેની કલ્પના કોઈએ કરી નહોતી.

૨૦ જુલાઈના રોજ જંતર-મંતર પર લાઠીચાર્જ કરાવવા પાછળનો ઇરાદો વિદ્યાર્થીઓને ડરાવીને આંદોલન તોડી પાડવાનો હતો, પરંતુ તે પગલું બૂમરેંગ સાબિત થયું. જે વિદ્યાર્થી આંદોલનની શરૂઆતમાં જનતા દ્વારા ઉપેક્ષિત રહ્યું હતું, તેને અચાનક સહાનુભૂતિનો લાભ મળ્યો અને જંતર-મંતર પર હજારોની સંખ્યામાં યુવાનોનાં ટોળાં ઉમટવા લાગ્યાં. જે જન-ઝી જંતર-મંતર પર પહોંચી શકી નહોતી, તેણે સોશિયલ મીડિયામાં પ્રચારનો એવો મારો ચલાવ્યો કે મોદી પણ તેનાથી હચમચી ગયા.

યુવાનોના રોષને શાંત પાડવા મોદી મધરાતે ઇન્સ્ટાગ્રામ પર આવ્યા હતા અને 'ફ્રેન્ડ્સ' કહીને યુવાનોનું દિલ જીતવાનો પ્રયાસ કર્યો હતો. જોકે આ પ્રયાસ નિષ્ફળ રહ્યો, કારણ કે યુવાનો દ્વારા તેમની ફ્રેન્ડ રિક્વેસ્ટને નકારી દેવામાં આવી હતી અને તેમની ઇન્સ્ટાગ્રામ રીલની સોશિયલ મીડિયામાં મજાક ઉડાવવામાં આવી હતી. બીજી તરફ સમગ્ર સોશિયલ મીડિયામાં મોદી સરકાર વિરુદ્ધનો પ્રચાર જંગલની આગની જેમ ફેલાઈ ગયો હતો.

શનિ-રવિની રજાના દિવસો હોવાથી જંતર-મંતર પર લાખો યુવાનો ભેગા થાય અને સોમવારે સંસદ તરફ કૂચ કરે તેવી આશંકા ઊભી થઈ હતી. આ ભયને ટાળવા મોદી પોતાના રાજકીય જીવનમાં પહેલી વાર ઝૂક્યા હોવાનું કહેવાય છે અને તેમણે ધર્મેન્દ્ર પ્રધાનને રાજીનામું આપવાની ફરજ પાડી હતી. મોદીની આ પીછેહઠથી ઉત્સાહિત બનેલા યુવાનોએ જંતર-મંતર પર તેની ભવ્ય ઉજવણી કરી હતી. હવે એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે લોહી ચાખેલા વાઘની જેમ યુવાનો ભવિષ્યમાં જે કોઈ માગણી કરશે, તેને સ્વીકારવાની સરકાર પર ફરજ પડશે. જન-ઝીએ પુરવાર કર્યું છે કે પ્રચાર માધ્યમોના અસરકારક ઉપયોગથી સરકારને પણ ઝૂકાવી શકાય છે.

લગભગ એક મહિના પહેલાં શરૂ થયેલું આ આંદોલન ૨૦ જુલાઈના રોજ હિંસક બન્યું, જ્યારે પોલીસે વિદ્યાર્થીઓને સંસદ તરફ કૂચ કરતાં અટકાવવા માટે ટીયર ગેસના શેલ છોડ્યા અને લાઠીચાર્જ કર્યો. નિ:શસ્ત્ર વિદ્યાર્થીઓ પર પેલેટ ગનના ઉપયોગથી સંવેદનશીલ નાગરિકો હચમચી ઊઠ્યા હતા. આ હિંસાના દૃશ્યો ઝડપથી સોશિયલ મીડિયા અને ન્યૂઝ મીડિયામાં ફેલાઈ ગયા. પરિણામે વિદ્યાર્થીઓ પ્રત્યે વ્યાપક જાહેર સહાનુભૂતિનો માહોલ સર્જાયો. ઘણા બોલિવૂડ કલાકારોએ પણ વિદ્યાર્થીઓને પોતાનો ટેકો જાહેર કર્યો, જ્યારે પોલીસ કાર્યવાહીની વ્યાપક ટીકા થઈ. વિદ્યાર્થીઓના સમર્થનમાં વિપક્ષી સાંસદો પણ આગળ આવ્યા. તેમણે શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ સાથે સંસદની કાર્યવાહીમાં વિક્ષેપ પાડ્યો. અઠવાડિયાના અંત સુધીમાં આ વિરોધ પટના, મુંબઈ અને કોલકાતા સહિત દેશના અનેક મોટા શહેરોમાં ફેલાઈ ગયો હતો, જેમાં હજારો યુવાનો રસ્તા પર ઊતરી આવ્યા હતા. કહેવાય છે કે મોદી શિક્ષણ મંત્રીનું રાજીનામું ન લેવાના મુદ્દે મક્કમ હતા, પરંતુ આર.એસ.એસ.નો આદેશ મળતાં તેમને પોતાની જિદ્દ છોડવાની ફરજ પડી હતી.

જંતર-મંતરની આ હારને વડા પ્રધાન મોદી અને ભારતીય જનતા પાર્ટીના રાજકીય સ્થાન માટે મોટો ફટકો માનવામાં આવી રહ્યો છે. બાહ્ય દબાણ હેઠળ કોઈ મંત્રી રાજીનામું આપે, તે મોદીની રાજકીય કાર્યશૈલી સાથે સુસંગત માનવામાં આવતું નથી. ભાજપ ટૂંક સમયમાં ઉત્તર પ્રદેશમાં મહત્ત્વપૂર્ણ ચૂંટણીઓનો સામનો કરશે, જ્યાં યુવાનોની રોજગારીનો મુદ્દો મોટી સંખ્યામાં યુવા મતદારો માટે ચિંતાનો વિષય છે. આવતાં વર્ષે ગુજરાત, પંજાબ અને ઉત્તરાખંડમાં પણ ચૂંટણીઓ યોજાવાની છે. શનિવારે જ્યારે શિક્ષણ

ટુંક પોઈન્ટ ▪ સંજય વોરા ▪

મંત્રીના રાજીનામાના સમાચાર જંતર-મંતર પહોંચ્યા, ત્યારે વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો. કોક્રોચ જનતા પાર્ટીના પ્રવક્તા સૌરવ દાસે કહ્યું કે દેશના યુવાનો જાગી ગયા છે અને તેઓ પરિવર્તન માટે લડતા રહેશે. વિશ્લેષકોના મતે, મોદી માટે વધુ ચિંતાજનક બાબત એ છે કે વિરોધીઓનો ગુસ્સો હવે માત્ર પેપર લીકના મુદ્દા પૂરતો મર્યાદિત રહ્યો નથી. આ ચળવળ જન-ઝીમાં વ્યાપક અસંતોષને પ્રતિબિંબિત કરે છે, જેમાં વધતી જતી બેરોજગારી અને દેશની ૩૭ કરોડ યુવા વસ્તી માટે સારા પગારવાળી નોકરીઓનો અભાવ પણ સામેલ છે.

યેલ યુનિવર્સિટીમાં દક્ષિણ એશિયન અભ્યાસના પ્રોફેસર સુશાંત સિંહે ફાઇનાન્સિયલ ટાઇમ્સને જણાવ્યું હતું કે મોદી હવે આ વિરોધ પ્રદર્શનોનું મુખ્ય લક્ષ્ય બની ગયા છે. આ ભીડમાં મોટી સંખ્યામાં એવા લોકો પણ હતા, જેમણે મોદીને મત આપ્યો હતો. મોદીએ તેમને અનેક વચનો આપ્યાં હતાં. હવે તેમને લાગે છે કે મોદીએ તેમનો વિશ્વાસ તોડ્યો છે અને પોતાનાં વચનો પૂરાં કર્યાં નથી. અઝીમ પ્રેમજી યુનિવર્સિટી દ્વારા કરાયેલા એક અભ્યાસ મુજબ ૧૫થી ૨૫ વર્ષની વયના લગભગ ૪૦ ટકા સ્નાતકો બેરોજગાર છે. જે લોકો નોકરી કરે છે, તેમાંથી પણ માત્ર થોડા જ યુવાનો નિયમિત નોકરી ધરાવે છે અને તેનાથી પણ ઓછા લોકોને સામાજિક સુરક્ષા જેવા લાભો મળે છે.

રાજકીય સમીક્ષક નીલાંજન મુખોપાધ્યાય કહે છે કે ભાજપને હજુ સુધી યુવાનો સાથે કેવી રીતે વ્યવહાર કરવો તે સમજાયું નથી. આ પેઢી હવે ભાજપને કઠિન પ્રશ્નો પૂછી રહી છે અને ડરવાનો સ્પષ્ટ ઇનકાર કરી રહી છે. પહેલી વાર ૧૬, ૧૭, ૧૮ અને ૧૯ વર્ષના યુવાનોમાં વડા પ્રધાન, વરિષ્ઠ પ્રધાનો અને સરકાર પ્રત્યે આટલો તીવ્ર ગુસ્સો જોવા મળ્યો છે. તેમનામાં રહેલો ડર દૂર થઈ ગયો છે અને તેઓ સોશિયલ મીડિયામાં ખુલ્લેઆમ પોતાનો રોષ વ્યક્ત કરી રહ્યા છે. મારા મત મુજબ, અગાઉ કોઈ ભારતીય વડા પ્રધાન સામે આટલો વ્યાપક જાહેર ગુસ્સો જોવા મળ્યો નથી. કટોકટી બાદ ઇન્દિરા ગાંધીની ટીકા અને મજાક થઈ હતી, પરંતુ આ પ્રકારની પરિસ્થિતિ જોવા મળી નહોતી. યુવાનો સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા કે, "જ્યારે પણ મોદી ડરે છે, ત્યારે તેઓ હિન્દુ-મુસ્લિમનો મુદ્દો આગળ ધપાવે છે." મેં આ દૃશ્ય પહેલી વાર જોયું. યુવાનો તરફથી આ પડકાર હોવા છતાં, શું આપણે એમ માની લઈએ કે મોદી રાજકીય રીતે નબળા પડી રહ્યા છે? બે મહિના પહેલાં જ ભારતના ચોથા સૌથી વધુ વસ્તી ધરાવતા રાજ્ય પશ્ચિમ બંગાળમાં ભાજપે પહેલી વાર જીત મેળવી હતી. આગામી લોકસભા ચૂંટણી ૨૦૨૯માં યોજાવાની હોવાથી મોદી પાસે યુવાનોના ગુસ્સાને શાંત કરવા માટે હજુ પૂરતો સમય છે અને ત્યારબાદ ફરી એક વખત મતદારો સમક્ષ જવાની તક પણ છે. નીલાંજન મુખોપાધ્યાયના મતે સમય તો છે, પરંતુ સરકાર હજુ પણ આ મુદ્દે પૂરતી ગંભીર જણાતી નથી. મોદીએ ધર્મેન્દ્ર પ્રધાનના સ્થાને શિક્ષણ મંત્રી તરીકે જે વ્યક્તિની નિમણૂક કરી છે, તે સરકારની ગંભીરતા પ્રતિબિંબિત કરતી નથી. શિક્ષણ સચિવ તરીકે નિયુક્ત કરાયેલા અધિકારીની પસંદગી પણ એ જ સંદેશ આપે છે. બંને સામે અનેક ગંભીર આરોપો હોવાનું કહેવાય છે. યેલ યુનિવર્સિટીના સુશાંત સિંહના જણાવ્યા મુજબ ભારતના આર્થિક મોડેલ વિશે અનેક પ્રશ્નો ઊભા થયા છે, જેના જવાબ આપવાની જરૂર છે. ઉચ્ચ આર્થિક વૃદ્ધિના આંકડાઓ છતાં ભારત હજુ સુધી જરૂરી રોજગારીની તકો, સામાજિક પ્રગતિ અને વ્યાપક આર્થિક વિકાસ સુનિશ્ચિત કરી શક્યું નથી. આ આંદોલન ભારતની શિક્ષણ પ્રણાલીની સ્થિતિ પ્રત્યે વધતા અસંતોષને સ્પષ્ટ રીતે ઉજાગર કરે છે. જ્યારે અંદાજે ૭ ટકાના આર્થિક વિકાસ દરે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થાઓમાં સ્થાન મેળવ્યું છે, ત્યારે દેશ હજુ પણ દર વર્ષે કાર્યબળમાં જોડાતા લાખો સ્નાતકો માટે પૂરતી રોજગારી ઊભી કરવામાં સંઘર્ષ કરી રહ્યો છે.

મદ્રાસ યુનિવર્સિટીના રાજકારણ અને જાહેર વહીવટ વિભાગના ભૂતપૂર્વ વડા તથા રાજકીય સમીક્ષક રામુ મણિવન્નને જણાવ્યું હતું કે હજુ સુધી એ સ્પષ્ટ નથી કે વિપક્ષી પક્ષો રસ્તાઓ પર દેખાતા આ અસંતોષને ચૂંટણીમાં વિજયમાં ફેરવી શકશે કે નહીં. તાજેતરની વિધાનસભા ચૂંટણીઓમાં, ખાસ કરીને પશ્ચિમ બંગાળમાં ભાજપના જંગી વિજય પરથી સ્પષ્ટ થાય છે કે શાસક ભારતીય જનતા પાર્ટી હજુ પણ વિપક્ષની સરખામણીએ મજબૂત સ્થિતિમાં છે. તેમ છતાં, વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનો અને તેમની સામે થયેલી પોલીસ કાર્યવાહીએ સરકારની છબીને નુકસાન પહોંચાડ્યું છે. મણિવન્નનના મતે નરેન્દ્ર મોદી રાજકીય રીતે વધુ એકલવાયા બન્યા છે અને હાલમાં અત્યંત રક્ષણાત્મક સ્થિતિમાં જોવા મળી રહ્યા છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**જેનઝીએ પુરવાર કર્યું છે કે પ્રચાર માધ્યમોના અસરકારક ઉપયોગથી સરકારને પણ ઝૂકાવી શકાય છે હવે ડર છે કે યુવાનો જે કોઈ માગણી મૂકશે, તેને માન્ય કરવાની સરકારને ફરજ પડશે**

APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
ફ્રી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. : 99984 46007
Book Tickets Now from : bookmyshow.com Paytm : @applecinemasurat
ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.
ધમાલ-4
૯.૦૦, ૧૦.૩૦, ૧૨.૨૦, ૨.૨૦, ૩.૦૦, ૩.૩૫, ૬.૨૦, ૭.૦૦, ૭.૪૦, રાત્રે: ૯.૦૦, ૯.૩૫, ૧૦.૨૦, ૧૧.૦૦
જન નેતા
૯.૦૦, ૧૧.૪૦, ૧૨.૨૦, ૩.૦૦, ૬.૧૫, રાત્રે: ૯.૩૦, ૧૦.૩૦
લાયક નાલાયક
(ગુજરાતી) ૯.૦૫, ૧.૧૦, ૦૫.૨૦
દુલ્હનીયા લે આયેગી
(હિન્દી) ૧૨.૨૦, ૫.૨૦ રાત્રે: ૮.૧૫
તેરા યાર હું મેં
(હિન્દી) ૯.૨૦, ૨.૪૦, રાત્રે: ૮.૨૦, ૧૦.૨૦
The Odyssey
(હિન્દી) ૯.૦૦, ૭.૧૦ રાત્રે: ૯.૩૦
આલ્ફા
૯.૪૦, ૧૨.૦૦, ૨.૪૦, ૪.૧૦
Evil Dead Burn
(હિન્દી) ૧૨.૧૦, ૫.૦૦
કાનો
ગુજરાતી: ૧૨.૦૦
ઉત્તર દા પુત્તર
(હિન્દી) ૫.૦૦
વેલકમ ટુ ધ જંગલ
૯.૨૦, ૨.૦૦
મેક્ષ, મીન એન્ડ મીયોઝીકા
(હિન્દી) ૫.૩૫
મેં તો પાલડે બાંધી પ્રિત
(ગુજરાતી) ૬.૫૦

## પરવટ ગામમાં પાણી ઓસરતાં જ ટ્રાફિક પોલીસે બંધ પડેલા વાહનો હટાવ્યા

સુરત: વરસાદી પાણી ઓસરતાં જ સુરત શહેર ટ્રાફિક પોલીસના રીજન-૧ વિભાગે પરવટ ગામ વિસ્તારમાં ત્વરિત કામગીરી હાથ ધરી રસ્તાઓ પર બંધ પડી ગયેલા વાહનોને ખસેડી વાહનવ્યવહાર ફરી સુચારું બનાવ્યો હતો. ભારે વરસાદને કારણે પરવટત ગામ અને આસપાસના માર્ગો પર પાણી ભરાઈ જતાં અનેક કાર સહિતના વાહનો રસ્તાની વચ્ચે જ બંધ પડી ગયા હતા. પરિણામે વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો. જોકે પાણી ઓસરવાની સાથે જ ટ્રાફિક પોલીસની ટીમ સ્થળ પર દોડી આવી હતી અને સમયસૂચકતા દાખવીને રાહત કામગીરી શરૂ કરી હતી. રીજિયન ૧ની ટ્રાફિક પોલીસે ક્રેન અને ટોઈંગ વાહનોની મદદથી રસ્તા વચ્ચે બંધ પડેલા ફોર વ્હીલર સહિત અન્ય વાહનોને સુરક્ષિત રીતે ખસેડી માર્ગ સંપૂર્ણપણે ખુલ્લો કરાવ્યો હતો.